# દેશભરમાં આકરી ગરમીથી મૃતાંક ૧૫૦૦થી વધુ

## હિટવેવના કારણે સૌથી વધુ મોત આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં : કેટલીક જગ્યાએ પારો ૪૭થી પણ ઉપર

નવી દિલ્હી,તા. ૨૭

દેશભરમાં કિલર લુના કારણે હજુ સુધી ૧૧૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં મોતનો આંકડો ૮૫૨થી ઉપર પહોંચ્યો છે. દેશભરમાં ૧૧૦૦થી પણ વધુ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો છે.હૈદરાબાદ હવામાન સાથે સંબંધિત વિભાગનું કહેવું છે કે હિટવેવ યથાવત રીતે જારી રહેશે. બીજીબાજુ ગૃહ ખાતુ ધરાવનાર ચીન્ના રાજાપાએ ભોગ બનેલા વ્યક્તિના પરિવારને એક-એક લાખના વળતરની જાહેરાત કરી દીધી છે. હિટવેવ અસરગ્રસ્ત લોકોને તબીબી સુવિધા તરત આપવા માટે તબીબોને એલર્ટ કરવામાં આવ્યા છે. ગંતુરમાં પારો ૪૭થી ઉપર પહોંચ્યો છે. ગરમીના કારણે મોટી સંખ્યામાં લોકો તેના સકંજામાં આવી ગયા બાદ હાલ સારવાર હેઠળ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે છેલ્લા ૨૪ કલાકમાં જ લુના કારણે ૩૦૧ લોકોના મોત થઈ ગયા છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ગરમી સંબંધિત રોગના કારણે દર્દીઓનો ભરાવો થઈ રહ્યો છે. સૌથી વધારે મોત આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં થયા છે. ગંતુરમાં સૌથી વધુ ૧૦૪ના મોત થયા છે. જયારે પૂર્વ ગોદાવરીમાં ૯૦, વિશાખાપટ્ટનમમાં ૮૪, વિજયાનગરમમાં ૬૧, પ્રકાશમમાં ૫૭, નેલ્લોરમાં ૩૯, શ્રીકાકાલુમમાં ૨૫, ચિત્તોરમાં ૨૦, કડાપામાં ૧૩, અનતપુરમાં ૧૧ અને કરનુલમાં ૮ લોકોના મોત થયા છે. ઓરિસ્સામાં ૬૭ લોકોના મોતને સમર્થન મળી ચુક્યું છે. તમામ જગ્યાઓએ લોકોની હાલત કફોડી બનેલી છે.મોટા ભાગના રાજ્યોમાં પારો ૪૫ની આસપાસ રહ્યો છે. ઓરિસ્સાના અંગુલમાં મહત્તમ તાપમાન ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયો છે. ભારતીય હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ સુધી તીવ્ર ગરમીથી લોકોને રાહત મળશે નહીં. દિલ્હી, હરિયાણા, ચંદીગઢ, પંજાબ, વિધર્ભ અને ઓરિસ્સાના જુદા-જુદા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું રહેશે. આ પ્રકારની સ્થિતિમાં સાવધાન રહેવાની સુચના લોકોને આપીનો આઈએમડી દ્વારા જણાવાયું છે કે, આંધ્ર અને તેલંગાણામાં લોકોની હાલત ખૂબ જ કફોડી રહી શકે છે. હિટવેવના કારણે આવતીકાલે પણ કોઈ રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. દેશના રાષ્ટ્રીય હવામાન વિભાગે આગાહીમાં જણાવ્યું છે કે, ૨૮મી મે બાદથી ઘણા વિસ્તારમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હવામાન બુલેટિનની આગાહીમાં જણાવાયું છે કે, ઘણા પગલા તંત્ર દ્વારા લેવાઈ રહ્યા છે. આંધ્રપ્રદેશ, તેલંગાણા, વિધર્ભમાં ૨૮મી મે બાદથી તાપમાનમાં બે ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે અને સામાન્ય લોકોને રાહત મળી શકે છે.

બીજીબાજુ દેશના ઉત્તર અને પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. જેથી તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. હિટવેવની ચેતવણીથી લોકોની તકલીફ વધી ગઈ છે. આંધ્ર અને તેલંગાણા ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, પંજાબ અને હરિયાણા સહિતના રાજ્યો પણ ગરમીની ભટ્ટીમાં શેકાઈ રહ્યા છે. તમામ જગ્યાએ પારો ખુબ ઉંચી સપાટી પર પહોંચી ગયો છે. કેટલાક રાજ્યોમાં તો તંત્ર દ્વારા લોકોને ઘરમાં રહેવાની સુચના આપવામાં આવી છે. જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયું છે. દેશના તમામ રાજ્યો તીવ્ર ગરમીના સકંજામાં આવી ગયા છે. ઉતરપ્રદેશના અલ્હાબાદમાં પારો હાલમાં ૪૭.૭ સુધી પહોચી ગયો હતો. રાજસ્થાનમાં ગરમીના પ્રકોપના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. રાજ્યના જેસલમેર, બાડમેર, બિકાનેર, શ્રીગંગાનગર, અજમેર અને અન્ય વિસ્તારોમાં લોકોની હાલત કફોડી બનેલી છે.ખાસ કરીને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની હાલત સૌથી વધારે કફોડી છે. પહાડી અથવા તો હિલસ્ટેશનો પણ તીવ્ર ગરમીથી બચી શક્યા નથી.



## મોનસુન ૩૦મી મે સુધી કેરળ પહોંચી જશે

નવી દિલ્હી,તા. ૨૭

મોનસુન આગામી ચાર પાંચ દિવસમાં કેરળના દરિયાકાંઠે પહોંચી જાય તેવી શક્યતા છે. અલબત્ત આના કારણે ઉત્તર અને મધ્ય ભારતના લોકોને ગરમીથી કોઈ રાહત નહી મળે તેવી શક્યતા છે. ભારતીય હવામાન વિભાગના લોન્ગ રેંજ ફોરકાસ્ટના વડા ડીએસ પાઈએ વિગત આપતા કહ્યું છે કે આગામી થોડાક દિવસોમાં સાઉથવેસ્ટ મોનસુન વધુ આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અગાઉ કરવામાં આવેલી આગાહીની જેમ જ મોનસુન ૩૦મી મે સુધી કેરળના દરિયાકાઠે પહોંચી જાય તેવી શક્યતા છે. હવામાન વિભાગે કહ્યું છે કે મોનસુન આગામી બે દિવસમાં અરબ સાગર, માલદીવ અને બંગાળના અખાતના કેટલાક હિસ્સા સુધી પહોંચી શકે છે. હાલમાં આ પ્રકારની સ્થિતી સર્જાઈ રહી છે. સ્કાઈમેટ વેદર સર્વિસેઝના વરિષ્ઠ અધિકારી જીપી શર્માએ પણ કહ્યું છે કે આ વખતે મોનસુન યોગ્ય સમય પર એટલે કે ૩૦મી જુનના દિવસે પહોચી જશે. તેમણે કહ્યું હતું કે મોનસુન છેલ્લા કેટલાક દિવસથી શ્રીલંકાના હમબનટોટા અને બંગાળના અખાતમાં છે. આગામી ૨૪થી ૪૮ કલાક દરમિયાન તે વધારે ઝડપથી આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. આંધ્રપ્રદેશ અને કર્ણાટકના દરિયાકાઠાના વિસ્તારો સહિત દક્ષિણી રાજ્યોમાં ગાજવીજ સાથે હાલ હળવો વરસાદ થઈ રહ્યો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ જો કેરળ, કર્ણાટક, શ્રીલંકા અને લક્ષ્યદ્વીપ જેવી જગ્યાએ રહેલા ૧૪ સ્ટેશનોમાં ૨.૫ મીમી વરસાદ અથવા તો સતત બે દિવસ સુધી વરસાદ થાય છે તો મોનસુનની એન્ટ્રીની જાહેરાત કરવામાં આવે છે. હાલમાં દેશના જુદા જુદા ભાગોમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જેથી લોકો ભારે પરેશાન થયેલા છે.

## પીએમઓ વેબસાઈટને નવો જ લુક આપી દેવાયો

નવી દિલ્હી,તા. ૨૭

કેન્દ્રમાં સત્તામાં ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકારની પ્રથમ વર્ષગાંઠના પ્રસંગે પીએમઓની વેબસાઈટમાં પણ સંપૂર્ણપણે સુધારો કરવામાં આવ્યો છે. પીએમઓની વેબસાઈટને સંપૂર્ણપણે વધુ ફ્રેન્ડ્લી અને




ઈન્ટરેક્ટીવ બનાવી દેવામાં આવી છે. વેબસાઈટના નવા લુકની શરૂઆત કરી દેવામાં આવી છે. મોદી સરકારની પ્રથમ વર્ષગાંઠના પ્રસંગે આને વધુ અસરકારક બનાવી દેવામાં આવી હતી. વડાપ્રધાન મોદીએ પોતે પણ આ ઘટનાક્રમને સમર્થન આપ્યું છે. આ વેબસાઈટમાં જુદા-જુદા વર્ગ બનાવી દેવાયા છે. જેને અમારી સરકાર એવું નામ અપાયું છે. વેબસાઈટમાં નવેસરના ન્યુઝ રિપોર્ટનો પણ ઉલ્લેખ છે. વડાપ્રધાનના ફોટા, તેમના ભાષણનો પણ ઉલ્લેખ કરાયો છે.

**ઈન્ડિયન એર સેફ્ટીને ફટકો પડ્યો**

## ૧૩ ફ્લાઈટ ઈન્સપેક્ટરે રાજીનામા આપતા ફફડાટ

મુંબઈ, તા. ૨૭

ફ્લાઈટ ઓપરેશન ઈન્સપેક્ટરો જે ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવીએશન (ડીજીસીએ) સાથે કામ કરી રહ્યા હતા તે લોકોએ તેમના રાજીનામાં આપી દીધા છે. દિલ્હીમાં તેમના આવાસથી તેમને દુર પોસ્ટિંગ કરવાના એવીએશન રેગ્યુલેટરના નિર્ણય સામેના વિરોધમાં છેલ્લા એક સપ્તાહમાં એફઓઆઈ દ્વારા રાજીનામાં આપવામાં આવ્યા છે તે ફ્લાઈટ ઈન્સપેક્ટરોએ રાજીનામા આપી દેતાં ઈન્ડિયન એરસેફ્ટી સામે પ્રશ્નો ઉભા થયા છે. આ ઈન્સપેક્ટરો દ્વારા મોકલવામાં આવેલા પત્રમાં તેમની ટ્રાન્સફરને રદ કરવા ડિરેક્ટર જનરલને રજુઆત કરવામાં આવી છે. સાથે-સાથે દિલ્હીમાં કામ કરવાની અપીલ કરવામાં આવી છે. આવું નહીં થાય તો તેમના પત્રોને રાજીનામાની નોટિસ તરીકે ગણવાની અપીલ કરાઈ છે. છેલ્લા એક વર્ષની અંદર યુએસ ફેડરલ એવીએશન દ્વારા ભારતને ડાઉનગ્રેડ કરવામાં આવ્યા બાદ આંતરરાષ્ટ્રીય ઉડ્ડીયન સુરક્ષાના ધારાધોરણોને પહોંચી વળવામાં નિષ્ફળતા હાથ લાગી રહી છે. ડીજીસીએ દ્વારા એફઓઆઈ તરીકે ભૂતપૂર્વ એરલાઈન્સ પાયલોટ અને ૫૦ વર્તમાન પાયલોટની નિમણૂંક કરી છે.

## કોંગી એક વર્ષ બાદ પણ હારને પચાવી શકી નથી : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કરતાં કહ્યું હતું કે, ૧૦ વર્ષના યુપીએના શાસનકાળ દરમિયાન ઘણી બધી બંધારણીય સત્તાઓ હતી. યુપીએના શાસન દરમિયાન સોનિયા ગાંધી બિનબંધારણીય ઓથોરીટી તરીકે અથવા તો અનકોન્સ્ટીટ્યુશનલ ઓથોરીટી તરીકે કામ કરી રહ્યા હતા. મોદીએ તેમના પર કરવામાં આવેલા પ્રહારોનો સોનિયા ગાંધીને જવાબ આપતા આજે આ મુજબના આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અગાઉના શાસનકાળ દરમિયાન ખૂબ જ અવ્યવસ્થા સર્જાયેલી હતી. પીએમઓ ઉપર પણ સત્તા રહેલી હતી. પરંતુ હવે બંધારણીય રીતે તમામ કામ ચાલી રહ્યું છે. એનડીએ સરકાર સંસદમાં જિદ્દી વલણ અપનાવી રહી છે તેવા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને આક્ષેપોનો જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે, કદાચ સોનિયા ગાંધી એ બાબતનો ઉલ્લેખ કરી રહ્યા છે કે, અગાઉના શાસનકાળ દરમિયાન વધારાની બંધારણીય સત્તાઓ રહેલી હતી. એક વ્યક્તિથી સરકાર ચાલી રહી છે તેવો આક્ષેપ સોનિયા ગાંધીએ મોદી ઉપર કર્યો હતો. મોદીએ એમપણ કહ્યું હતું કે,



હવે માત્ર બંધારણીય રીતે જ કામ થઈ રહ્યું છે. બંધારણીય ચેનલ મારફતે અમે કામ કરી રહ્યા છીએ તેવો આક્ષેપ કરવામાં આવે છે તો આક્ષેપ કરનાર પણ યોગ્ય છે. અમે કોઈ એકસ્ટ્રા કોનસ્ટીટ્યુશનલ બંધારણીય સત્તાની વાત સાંભળી રહ્યા નથી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી બન્ને પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, પીએમઓમાં સત્તાને લઈને અગાઉ પ્રશ્ન થતાં હતાં. મોદીએ આજે ઈન્ટરવ્યુ દરમિયાન લઘુમતીઓ, એનજીઓ, જમીન અધિગ્રહણ, જીએસટી બિલ, આર્થિક સુધારા અને અન્ય મુદ્દા પર વાત કરી હતી. તમામ સત્તાઓ હવે પીએમઓમાં કેન્દ્રીત થઈ ગઈ છે તેવા આક્ષેપો અંગે પૂછવામાં આવતા મોદીએ જવાબ આપતા કહ્યું હતું કે, જયારે બિન બંધારણીય સત્તા બંધારણીય સત્તા પર હતી ત્યારે આ પ્રકારના પ્રશ્નો પુછવાની જરૂર હતી.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, વડાપ્રધાન અને પીએમઓ બંધારણના સ્કીમના એક ભાગરૂપે છે. રાહુલના શુટબુટ કી સરકારના આક્ષેપનો જવાબ આપતા મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ એક વર્ષ બાદ પણ લોકસભાની ચુંટણીમાં મળેલી હારને પચાવી શકતી નથી. લોકો જે લોકોને સજા કરી ચુક્યા છે તે લોકો હજુ પણ બોધપાઠ લઈ રહ્યા નથી. પરંતુ જે કામ કરી રહ્યા છે તે લોકોને રોકવાના પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાને યુપીએના શાસનની જોરદાર ઝાટકણી કાઢી હતી. ગૃહ મંત્રાલય દ્વારા એનજીઓ પર પ્રતિબંધ મુકવાના મુદ્દે તેમણે કહ્યું હતું કે, સરકારે યોગ્ય દિશામાં પગલું લીધું છે. જટીલ જીએસટી અને જમીન અધિગ્રહણ બિલના મુદ્દા ઉપર પણ મોદીએ વાત કરી હતી અને કહ્યું હતું કે, બન્ને બિલને પસાર કરવામાં આવશે. દેશમાં લઘુમતીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની ખાતરી આપતા તેમણે કહ્યું હતું કે, કોઈપણ સમુદાયની સામે કોઈપણ હિંસા અને પક્ષપાતને ચલાવી લેવામાં આવશે નહીં. તેમના વિદેશી પ્રવાસ અંગે થઈ રહેલા વિરોધના સંદર્ભમાં મોદીએ કહ્યું હતું કે, તેમની વિદેશ યાત્રાના સંદર્ભમાં આધાર વગરના આક્ષેપો થઈ રહ્યા છે. તેમની સરકારનું ધ્યાન પ્રો-એક્ટીવ પર કેન્દ્રીત છે. લોકલક્ષી ગુડ ગવર્નન્સ સુધારા ઉપર ધ્યાન અપાઈ રહ્યું છે.

**ખેડૂત બાદ માછીમારોના મુદ્દા પર પ્રહાર**

## માછીમારોના હિત માટે લડવા રાહુલ ગાંધીએ ખાતરી આપી

થ્રીસુર, તા. ૨૭

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે નરેન્દ્ર મોદી સરકાર ઉપર પ્રહાર કરતાં માછીમારોનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદી સરકાર પર આક્ષેપ કરતાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, મોદી સરકાર માછીમારો ઉપર ઘણા નિયંત્રણો લાદવાના પ્રયાસ કરી રહી છે. જે રીતે ખેડૂતો પાસેથી કિંમતી જમીન લઈ લેવામાં આવી છે તેવી જ રીતે માછીમારો સાથે પણ ખરાબ વર્તન કરવામાં આવી રહ્યું છે. કેરળના થ્રીસુર જિલ્લામાં એકત્રિત માછીમારોને સંબોધતા રાહુલે કહ્યું હતું કે જે રીતે ખેડૂતો પાસેથી મોદી સરકાર જમીન પડાવી રહી છે તે જ રીતે માછીમારો પાસેથી દરિયાઈ સંપત્તિ આંચકી લેવાના પ્રયાસ પણ કરી રહી છે. ૪૫ દિવસના બદલે ફિસિંગબેનને વધારીને ૬૧ દિવસ કરવાના કેન્દ્ર સરકારના નિર્ણયનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે, તેમની પાર્ટી માછીમારોના અધિકારોને આંચકી



લેવામાં કોઈપણ પગલાનો વિરોધ કરશે. મરીન સંપત્તિના રક્ષણના હેતુસર આ પગલા સરકાર દ્વારા લેવાયા છે. થ્રીસુર જિલ્લામાં ચવાકકાડના દરિયાઈ પટ્ટામાં માછીમારોની કોલોનીમાં સભ્યો સાથે વાતચીત કરતાં ગાંધીએ કહ્યું હતું કે, ખેડૂતો, માછીમારો, મજુરોના લગતા વિષયો ઉપર મોદી સરકાર સામે કોંગ્રેસની લડત ચાલુ રહેશે. રાહુલે ભારપૂર્વક કહ્યું હતું કે, જ્યાં પણ કેન્દ્ર સરકાર ગરીબોના અધિકાર આંચકી લેવાના પ્રયાસ કરશે, માછીમારોના અધિકાર આંચકી લેશે, મજુરો સાથે અત્યાચાર કરશે ત્યાં કોંગ્રેસ તેમની સાથે રહેશે અને સરકારનો વિરોધ કરશે. ભાજપ પર પ્રહાર કરતા અમેઠીના સાંસદે કહ્યું હતું કે, તેઓ દેશના હિતમાં લડત ચલાવવા ઈચ્છુક છે. રાહુલની કેરળ યાત્રા બે મહિનાની રજા બાદ વાપસી બાદથી તેમની શ્રેણીબદ્ધ યાત્રાના હિસ્સાના પાંચમી યાત્રા તરીકે છે. સંસદના બજેટ સત્ર દરમિયાન પણ ગાંધીએ દરિયાકાંઠાના રાજયોમાં માછીમારોના હિતો સામે કામ કરવાનો મોદી સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, શુટબુટ કી સરકાર દ્વારા પ્રતિબંધને ચલાવી લેવામાં આવશે નહીં.

## પાક. ઈસ્લામિક ત્રાસવાદી સંગઠનો માટે પ્રમુખ કેન્દ્ર

વોશિગ્ટન,તા. ૨૭

પાકિસ્તાન કેટલાક ઈસ્લામિક ત્રાસવાદી સંગઠનોના મુખ્ય કેન્દ્ર તરીકે છે. પાકિસ્તાનમાં ઈસ્લામિક ત્રાસવાદી સંગઠનોને તેમની ગતિવિધીને આગળ વધારી દેવામાં કોઈ તકલીફ પડી રહી નથી કારણ કે વર્ષોથી પાકિસ્તાનમાં રહેલી સરકારોને પણ પરોક્ષરીતે કેટલાક સંગઠનોને ટેકો આપતી રહી છે. તેના પડોશી દેશ સાથે ઐતિહાસિક સંઘર્ષના કારણે કેટલાક સંગઠનોને પાકિસ્તાન સરકારનો વર્ષોથી ટેકો રહ્યો છે. અમેરિકી કોંગ્રેસનલ રિસર્ચના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. પાકિસ્તાન અંગે સ્વંતત્ર કોંગ્રેસનલ રિસર્ચ સર્વિસના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાન અનેક ઈસ્લામિક કટ્ટરપંથી સંગઠનો અને ત્રાસવાદી સંગઠનો માટે આદર્શ સ્થળ તરીકે રહ્યુ છે. કારણ કે પાકિસ્તાની સરકારો ટેકો આપતી રહી છે. ૧૪મી મેના દિવસે જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનની સુરક્ષા સંસ્થાઓ પણ આ પાસાની અવગણના કરે છે. પાકિસ્તાન અંગે સમય સમય પર સીઆરએસ રિપોર્ટ જારી કરવામાં આવે છે. અહેવાલમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાના કારણે પાકિસ્તાન ચિંતાતુર છે. શપથવિધી કાર્યક્રમમાં જે રીતે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફને આમંત્રણ આપવામાં આવ્યુ હતુ તેનાથી પાકિસ્તાનના કટ્ટરપંથીઓ વધારે હેરાન પરેશાન થઈ ગયા છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે બે દક્ષિણ એસિયન દેશો વચ્ચે ગંભીર ટેન્શનની સ્થિતિ હવે રહી નથી. છતાં પાકિસ્તાન ભારત સાથેની તેની સ્પર્ધાને ધ્યાનમાં લઈને હથિયારોની ખરીદીમાં વ્યસ્ત છે. અમેરિકા પાસેથી પણ જંગી ખરીદી કરવામાં આવી છે. અમેરિકાની વિદેશી સહાય સૌથી વધારે મેળવનાર દેશમાં પાકિસ્તાન રહ્યું છે. અમેરિકામાં હુમલા બાદ પાકિસ્તાનને સૌથી વધારે મદદ મળી રહી છે.

## એક્સીસ બેંક દ્વારા કર્મી સંખ્યામાં ઘટાડો કરાયો

નવી દિલ્હી,તા. ૨૭

અગ્રણી ખાનગી ક્ષેત્રની બેંક આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સીસ બેંકે તેમના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કરી દીધો છે. આ વર્ષે માર્ચ મહિનાના અંતે આઈસીઆઈસીઆઈ બેંક જે ભારતની સૌથી મોટી ખાનગી ધિરાણ આપતી બેંક છે તે બેંકના કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં તેના કર્મચારીઓ ઘટ્યા છે. વર્ષ ૨૦૧૦-૧૪ દરમિયાન બેંકના કર્મચારીઓનું નેટવર્ક ૩૫૨૫૬થી ૭૨૨૨૬ જેટલું હતું. માર્ચ ૨૦૧૪ અને આ વર્ષે માર્ચ ૨૦૧૫ વચ્ચેના ગાળામાં એક્સીસ બેંકમાં કર્મચારીઓની સંખ્યામા ૧૯૦નો ઘટાડો થયો છે. નવેસરના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. માર્ચ ૨૦૧૪માં આંકડો ૪૨૪૨૦ હતો. જે ઘટીને હવે ૪૨૨૩૦ થયો છે. ઓપરેશન ખર્ચને ઘટાડવા, કોસ્ટ ટુ ઈન્કમ રેસીયોને વધારવાની દિશામાં પગલા લેવાઈ રહ્યા છે. એક્સીસ બેંકે માર્ચ ૨૦૧૦ના અંતે તેના ૨૧૬૪૦ કર્મચારીઓની સામે સંખ્યા વધારીને ૪૨૪૨૦ કરી હતી. પરંતુ ૨૦૧૪-૧૫માં કર્મચારીઓની સંખ્યા ઘટી છે. અલબત્ત બેંકે તેની શાખાઓની સંખ્યા ૨૪૦૨થી વધારી ૨૫૮૯ કરી હતી.

## ભારતઃ સોનાની દાણચોરી ઓલટાઈમ હાઈ સપાટીએ

નવી દિલ્હી,તા. ૨૭

ભારતમાં સોનાની દાણચોરીના ઈતિહાસમાં પ્રથમ વખત ગેરકાયદે કારોબારનો આંકડો ૧૦૦૦ કરોડથી વધુ પહોંચી ગયો છે. એક નાણાંકીય વર્ષમાં કસ્ટમ, પોલીસ અને રેવેન્યુ સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫માં ૩૫૦૦




કિલોગ્રામ સોનાનો જથ્થો જપ્ત કર્યો છે. વર્ષ ૨૦૧૨-૧૩માં આ આંકડો ૧૦૦ કરોડનો રહ્યો હતો અને માત્ર ૩૫૦ કિલોગ્રામ સોનાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. સોના પર ડ્યુટીને વધારીને ૧૦ ટકા કરવામાં આવ્યા બાદ સોનાની દાણચોરીમાં ઉલ્લેખનીય વધારો થયો હતો. આશરે ૯૦૦ ટકા સુધીનો વધારો થયો છે. સુત્રોએ કહ્યુ છે કે સોનાની દાણચોરી કેટલાક અસામાન્ય તરીકાઓથી કરવામાં આવેછે. દુબઈ, થાઈલેન્ડ, અને ચીનમાથી દાણચોરી મારફતે સોનુ લાવવામાં આવે છે. સોનાની માંગ હમેંશા વધારે રહે છે. જુદા જુદા વર્ષોમાં મોટા પાયે સોનાની દાણચોરી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦૦ કરોડની કિંમતના સોનાની દાણચોરી કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૧૪-૧૫માં દાણચોરીનો આંકડો ૧૧૦૦ સુધી પહોંચી ગયો છે.

આ ગાળા દરમિયાન ૪૦૦૦ કેસ સપાટી પર આવ્યા છે. સોનાને ગેરકાયદે ઘુસાડી દેવા દાણચોરો દ્વારા તમામ રસ્તાનો ઉપયોગ કરવામાં આવે છે. ગુજરાતમાં કંડલા પોર્ટ પરથી પણ સોનુ ઘુસાડી દેવામાં આવે છે.

**ભાજપે યુપીએની સ્કિમો આંચકી લીધી**

## હોદ્દાનો દુરુપયોગ કયારે કર્યો નહતો : મનમોહન

નવી દિલ્હી, તા. ૨૭

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે મોદી સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, તેઓએ ક્યારેય પણ તેમના હોદ્દાનો દુરુપયોગ કર્યો નહતો. નેશનલ સ્ટુડન્ટ યુનિયન ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય કાર્યક્રમમાં બોલતા સિંહે કહ્યું હતું કે, તેમની સમગ્ર લાઈફ બિલકુલ ઈમાનદારીમાં નિકળી છે. ટ્રાઈના પૂર્વ ચેરમેન પ્રદિપ બેજલ દ્વારા કરવામાં આવેલા આક્ષેપો બાદ તેઓએ આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. પ્રદિપ બેજલે હાલમાં જ પ્રકાશિત તેમના પુસ્તકમાં કહ્યું છે કે, મનમોહનસિંહે ચેતવણી આપી હતી કે, જો ટુજી સ્પેક્ટ્રમની ફાળવણીમાં સહકાર નહીં કરે તો તેમને નુકશાન થશે. મનમોહનસિંહે આજે ભારપૂર્વક કહ્યું હતું કે, તેઓએ ક્યારેય પણ તેમના પોતાના માટે, પરિવાર માટે અથવા તો મિત્રો માટે હોદ્દાનો દુરુપયોગ કર્યો નહતો. લોકશાહીની સરકાર ખતરા હેઠળ છે. બિનજરૂરી આક્ષેપો થઈ રહ્યા છે. ભાજપે યુપીએ સરકારની તમામ સ્કિમો લઈ લીધી છે માત્ર નામ બદલી દેવામાં આવ્યા છે. ટ્રાઈના પૂર્વ ચેરમેનના આક્ષેપોના અનુસંધાનમાં પણ મનમોહનસિંહે પ્રતિક્રિયા આપી હતી. યુપીએમાં પોલીસી પેરાલીસીસની થઈ રહેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરતાં સિંહે કહ્યું હતું કે જ્યારે તેમની સરકાર સત્તાથી દૂર થઈ ત્યારે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વધતું બીજું અર્થતંત્ર તરીકે હતું. લોકશાહીની સંસ્થાઓને યોગ્ય માન મળી રહ્યું નથી.